રજૂ તારીખ :– ૦૨/૧૨/૨૦૨૫
દાખલ તારીખ :– ૦૨/૧૨/૨૦૨૫
જજમેન્ટ તારીખ :– ૦૭/૦૪/૨૦૨૬
અ વ ધિ :– વર્ષ/ માસ/દિવસ
૦૦ – ૦૪ – ૦૫

# મહે. કોટડાસાંગાણીના પ્રિન્સી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં.

**રેગ્યુ. દિવાની મુકદમા નંબર : ૧૧૮/૨૦૨૫**
**આંક : ૧૬**

**વાદી :–**
**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.**
થ્રુ– ડેપ્યુટી એન્જીનીયર,રૂરલ સબ ડીવીઝન,
રહે. કોટડા સાંગાણી.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :–**
**ઓઘડભાઈ ભુરાભાઈ,**
રહે.જુની ખોખરી ગામ,
તા.કોટડાસાંગાણી, જિલ્લો :– રાજકોટ.

**દાવો : રૂા.૧૪,૩૯૦–૦૦ પૈસા વસુલ મળવા બાબત.**

---

વાદી તરફે વિ. વ. શ્રી એમ. સી. દવે,
પ્રતિવાદી તરફે એકતરફી

---

**(૧)** વાદી તરફે હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ **રૂા.૧૪,૩૯૦–૦૦** પૈસા (અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણસો નેવું પુરા) વસુલ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. દાવાની ટૂંકમા હકીકત એવી છે કે, વાદી કંપની ની સ્થાપના ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એમેન્ડમેન્ટ એકટ ૨૦૦૩ ની જોગવાઈઓ હેઠળ થયેલી છે. જેની હેડ ઓફિસ રાજકોટ મુકામે છે અને તે પૈકીની ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફિસો રાજકોટ જિલ્લામાં દરેક જગ્યાએ આવેલી છે.અને તે પૈકીની કોટડાસાંગાણી મુકામે સબડીવીઝનની એક ઓફીસ અસ્તિત્વમાં આવેલી છે અને વાદી કંપની

જાહેર જનતાને વીજળી પુરવઠો પાડવાનું કામ કરે છે. હાલના પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી રેસીડેન્સીયલ હેતુ માટે લાઈટ–કનેકશન મેળવેલુ છે. અને તેના ગ્રાહક નં. આર.જી.પી.આર.૩૯૭૩૭/૦૦૧૧૧/૭ છે. તારીખ ૦૨–૦૧–૨૦૨૪ ના રોજ વાદી કંપનીના જુનીયર એંન્જીનિયર આર.એમ. પોકીયા સાહેબ તથા સ્ટાફ દ્વારા ચેકીંગ કરવામાં આવેલ. અને તે સમયે આ વાદગ્રસ્ત સ્થળ પર પ્રતિવાદીના ઘરના સભ્ય શ્રી રાજેશભાઈ હાજર રહયા છે તેની હાજરીમાં સ્થળ તપાસ કરતાં વીજ વપરાશ ચાલુ છે પ્રતિવાદીએ તેના ઘરના ફળીયામાં વધારાના એક ખાનગી વાયરને વચ્ચેથી જ વીજ–મીટરમાં જતી મેઈન સર્વિસના ફેઈઝ–ન્યુટ્રલનો હુંક બનાવીને તેમાં ડાયરેકટ જોડેલ છે અને તેમાં સ્પાર્કીંગના નીશાન પણ મોજુદ છે. આ ખાનગી વાયરનો છેડો મકાનના ખાનગી લોડ સાથે જોડીને મીટર બાયપાસ કરીને મીટરમાં ખરેખર થતો વીજ–વપરાશ નોંધાતો અટકાવીને આ વીજ–વપરાશથી ગેરરીતી આચરીને વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ –૧૨૬ મુજબનું અપકૃત્ય કરતાં રંગે હાથે પકડાઈ ગયા છે આ ગેરરીતીથી પ્રતિવાદીનો વીજ–વપરાશ ચેક કરતાં પંખા ૬×૬૦–૩૬૦ વોટ, લેમ્પ ૯×૧૫–૧૩૫ વોટ, ટી.વી.૧×૧૨૦–૧૨૦ વોટ, પાણીની ઈલેકટ્રીક મોટર ૧×૩૭૫–૩૭૫ વોટ, ફ્રીઝ ૧×૨૨૫–૨૨૫ વોટ મળીને કુલ ૧૧૯૦ વોટસનો થાય છે. આ ચેકીંગ શીટ નં. ૩૨૫૨૨૮ ની તમામ કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદી તરફે રાજેશલભાઈ હાજર રહયા હોઈને હાજરી બદલ તેની સહી કરવાનું કહેતા સહી કરી નથી જયારે વાદી કંપનીના જુનીયર એંન્જીનીયર શ્રી આર.એમ.પોકીયા સાહેબ તથા તેની સાથેના અધિકારીની તેમાં સહી લેવામાં આવી છે આ કામના પ્રતિવાદીએ ગેરરીતી કરી તેનું બીલ તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલું છે તેનો એપ્રુવલ લેટર પણ મેળવેલો છે જેથી માલાફાઈડ પ્રેકટીસની બાકી રકમનું બીલ પ્રતિવાદીએ નહી ભરતા તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ કાનુની નોટીસ આપવા છતાંય પુરેપુરી લેણી રકમ ચુકવી નથી. જેથી દાવો દાખલ કરતા સમયે પ્રતિવાદી પાસે વાદી કંપનીના ગેરરીતી આચરી તથા રેગ્યુલર વીજ વપરાશના સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૨૩ થી સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૨૪ સુધીના કુલ રૂા.૧૨,૧૯૫–૦૦ પૈસા તથા તેના પર ડી.પી.સી.ના રૂા.૨,૧૯૫/– પૈસા મળીને કુલ

રૂા.૧૪,૩૯૦–૦૦ પૈસા અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણસો નેવું પુરા વાદી કંપનીના બાકી લેણા નીકળે છે જેની વસુલાત કરવા માટે દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે જેથી સબબ દાવો લાંવી દાંદ માંગેલ છે કે, પ્રતિવાદીએ ગેરરીતી આચરી તેના તથા રેગ્યુલર વીજ વપરાશના સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૨૩ થી સપ્ટેમ્બર –ઓકટોબર–૨૦૨૪ સુધીના રૂા.૧૨,૧૯૫/– પૈસા તથા તેના પર ડી.પી.સી.ના રૂા.૨,૧૯૫/– પૈસા ઉમેરતા કુલ રૂા.૧૪,૩૯૦/– પૈસા અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણસો નેવું પુરા લેણા થાય છે તે લેણી રકમ દાવાની દાખલ તારીખથી વસુલ થતાં સુધી દરવર્ષે ૧૮% ના ચડતવ્યાજ સહિત વસુલ અપાવતુ હુકમનામું તેઓની તરફેણમાં કરી આપવા અરજ કરેલ છે. આ દાવાનું ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અને દાવા મુજબની લેણી રકમ તથા દાવાનું ખર્ચ જો આ પ્રતિવાદી ભરપાઈ કરે નહી તો તેની જાત તથા તેની હરેક પ્રકારની મીલ્કતો જયાં જયાં આવેલી હોય તેવી તમામ મીલ્કતોથી વસુલ અપાવવા અરજ કરેલ છે તથા આ દાવાને અનુરૂપ એવી હરકોઈ અપાવી શકાય તેવી આનુસંગીક દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૨) વાદીની હાલની દાવા અરજીનાં કામે પ્રતિવાદી વિરુધ્ધ અત્રેની કોર્ટ ઘ્વારા સમન્સ ઈસ્યુ કરતાં અને સમન્સ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં, આ કામે પ્રતિવાદી તરફે જાતે કે કોઈ અન્ય મારફતે હાજર થઈ દાવાનો જવાબ રજુ રાખવામાં આવેલ નથી કે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી જેથી આ કામે, પ્રતિવાદી વિરૂધ્ધ હાલના દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા માટે આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત હકીકતે આ કામે આંક–૦૬ થી નીચે મુજબનાં મુદ્દા નિર્ણય માટે કાઢવામાં આવેલ છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી વીજ વપરાશની બાકી રહેતી લેણી રકમ રૂા.૧૪,૩૯૦–૦૦/– વ્યાજ અને ખર્ચ સાથે વસુલવા હકકદાર છે ?

(૨) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ અને શું હુકમનામું ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **અંશત: હકારાત્મક, (વાર્ષિક – ૬% લેખે)**

(૨) **અંશત: હકારાત્મક,**

(૩) **આખરી હુકમ મુજબ.**

**(૫)** પક્ષકારો તરફે હાલનાં કામે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(અ) વાદી તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તથા લેખિત પુરાવાઓ :–**

| **અનુ.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | ૦૭ | વાદી તરફે દિપકકુમાર ભગવાનજીભાઈ ધ્રાંગા નું સરતપાસનું સોગંદનામું. |
| (૨) | ૦૯ | પ્રતિવાદીના સ્થળ ઉપર તૈયાર કરેલ ચેકીંગ રીપોર્ટ અસલ. |
| (૩) | ૧૦ | પ્રતિવાદીને કલમ–૧૨૬ નું વીજ વપરાશનું બીલ આપ્યુ તેની ઓફીસકોપી. |
| (૪) | ૧૧ | પ્રતિવાદીને વીજ વપરાશનું બીલ આપ્યુ તેની કેલ્કયુલેશનસીટ અસલ. |
| (૫) | ૧૨ | પ્રતિવાદીને રજી.એ.ડી.થી આપેલ કાનુની નોટીસની ઓફીસકોપી. |
| (૬) | ૧૩ | પ્રતિવાદીને કાનુની નોટીસ આપી તેની પરત મળેલ વીન્ડો સ્લીપ અસલ. |
| (૭) | ૧૪ | પ્રતિવાદીએ કરેલા વીજળી–વપરાશ હીસાબ દર્શાવતો વાદી કંપનીનો લેઝરનો ઉતારાની ખરી નકલ. |
| (૮) | ૧૫ | કલોઝીંગ પુરસીસ. |

**(૬)** આ કામનાં પક્ષકારો તરફે ઉપર મુજબનાં પુરાવાઓ રજુ કર્યા બાદ આ કામ આખરી દલીલ ઉપર રાખવામાં આવતાં વિ.વ.શ્રી એમ. સી. દવે ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

**– :: કા ર ણો :: –**

<u>મુદ્દા નંબર : ૧ તથા ૨ અને ૩ ની સંયુકત ચર્ચા.</u> ::–

(૭) આ કામે વાદીનાં પુરાવા ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે વાદીએ સરતપાસનું સોંગદનામું આંક–૦૭ થી રજુ થયેલ છે. અને પોતાની દાવાની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરી પ્રતિવાદી પાસેથી **રૂા.૧૪,૩૯૦–૦૦** પૈસા લેણા થાય છે. તેવી હકીકત જણાવેલ છે. આ કામે વાદીએ આંક–૧૨,૧૩ અને આંક–૧૪ થી દસ્તાવેજી પુરાવા નોટીસની ઓફીસ કોપી, પ્રતિવાદીને કાનુની નોટીસ આપી તેની પરત મળેલ વીન્ડો સ્લીપ અસલ તથા વાદી કંપનીના લેઝરના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે. વધુમાં વાદીએ પોતાના સોગંદનામાંમા જણાવેલ છે કે, પ્રતિવાદીએ વીજ વપરાશના સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૨૩ થી સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૨૪ સુધી વીજ વપરાશના બીલના નાણાં **રૂા.૧૪,૩૯૦–૦૦** પૈસા બાકી છે (જેમાં ડી.પી.સી. રૂા.૨,૧૯૫/– છે), અને તે તેઓએ ઉઘરાણી કરવા છતા ચુકવેલા નથી. આ કામે વાદીએ તેના દાવાની હકીકીકતના સમર્થનમાં બાકી લેણા બતાવવા આંક– ૦૯ થી ચેકીંગ રીપોર્ટ તથા આંક–૧૦ થી વીજ વપરાસનુ બીલો રજુ કરેલ છે તેમજ આંક–૧૧ થી પ્રતિવાદીને વીજ વપરાશનું બીલ આપ્યુ તેની કેલ્કયુલેશનશીટ રજુ કરેલ છ જે દસ્તાવેજી પુરાવાઓ દાવાની હકીકતને સમર્થન કરતા છે. આ કામે સદર સાહેદની જુબાનીને પ્રતિવાદી ધ્વારા હાજર રહી પડકારવામા આવેલ નથી. તેમજ વાદીની જુબાનીને ચેલેન્જ કરેલ નથી. તેમજ વાદી ગુજરાત સરકારનું એક જાહેર સાહસ છે, જેથી વ્યાજ ન આપવામા આવે તો કંપનીને આર્થીક નુકશાન થાય, જેની આડકતરી અસર આમ લોકોએ ભોગવવી પડે, પરંતુ હાલના કેસમા વાદીએ દાવાની રકમ ઉપર જે ટકા વ્યાજ વસુલ લેવાની માંગણી કરેલ છે, તે વ્યાજનો દર વધારે છે, પ્રતિવાદી સાથે વાદી ધ્વારા વ્યાજ બાબતે કોઈ એગ્રીમેન્ટ કરેલ હોય તેવુ પુરાવા પરથી જણાય આવતુ નથી. આ કામે વાદીએ પોતાની દાવા હકીકતને મહદઅંશે પુરવાર કરેલ હોય ત્યારે માંગ્યા મુજબની દાદ તેઓને નહી આપવા અંગે કોઈ કારણ નથી. પરંતુ વાદીએ જે વ્યાજની માંગણી કરેલ છે, તે અતીશયોકતી ભરેલુ હોય જેથી પ્રતિવાદી પાસેથી વ્યાજ ૧૮% લેખે વસુલ અપાવવાની દાદ મંજુર કરી શકાય તેમ નથી. પરંતુ હાલના સમયમાં રાષ્ટ્રીયકૃત બેંક ધ્વારા આપવામાં આવતા

વ્યાજના દર ધ્યાને લઈ તેમજ નામ. સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના જુદાજુદા ચુકાદાઓને ધ્યાને લઈ વીજ વપરાશની વિલંબીત ચુકવણી ઉપર વાર્ષિક ૬% લેખે વ્યાજ અપાવવાનું ન્યાયોચીત જણાતુ હોય જેથી મુદા નંબર : **૧ તથા ૨** નો જવાબ **અંશત: હકારમાં** ઠરાવી મુદા નંબર : **૩** પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** વાદીનો દાવો **અંશત: મંજુર** કરવામાં આવે છે.

**૨.** આ કામનાં વાદી **રૂા.૧૪,૩૯૦–૦૦** (અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણસો નેવું પુરા) દાવા તારીખથી વાર્ષિક **૬%** નાં વ્યાજ સાથે વસુલ થતા સુધી પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર છે જે પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતે ભોગવવો. હુકમ મુજબ હુકમનામું આકારવું.

હુકમ આજ તારીખ : ૦૭મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૪/૨૦૨૬
સ્થળ : કોટડા સાંગાણી.

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
પ્રિન્સિ.સિવિલ જજ, કોટડાસાંગાણી.
**U.I.C. No.GJ01748**